# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-07-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) સંસદના ચોમાસું સત્રનો આજથી પ્રારંભ - વિપક્ષના હોબાળા વચ્ચે બંને ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજથી શરૂ થયેલું સંસદનું સત્ર ફળદાયી અને સમૃદ્ધ ચર્ચાઓથી ભરેલું રહેશે
3) રાજ્યસભામાં આજે જહાજવહન પત્ર ખરડો 2025 પસાર થયો
4) બાંગ્લાદેશમાં, વાયુસેનાનું તાલીમ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં પાઇલટ સહિત 19 લોકોના મોત, 100 લોકો ઇજાગ્રસ્ત
5) વર્લ્ડ સ્ક્વોશ જુનિયર ચેમ્પિયનશિપમાં ભારતની પાંચ ખેલાડીએ રાઉન્ડ ઓફ 64માં પ્રવેશ કર્યો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR. REV. EVE. LS – ADJOURN

સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થયું. વિપક્ષના હોબાળા વચ્ચે સંસદના બંને ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી છે. વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભા સ્થગિત કરવામાં આવી. વિપક્ષના સભ્યો પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી રહ્યા હતા.

સાંજે 4 વાગ્યે ત્રીજી વખત સ્થગિત થયા પછી ગૃહની બેઠક મળતાં જ કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી દળો સહિતના વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. પ્રમુખ અધિકારીએ વિરોધ કરી રહેલા સભ્યોને ગૃહને કાર્યરત રહેવા દેવા વિનંતી કરી અને કહ્યું કે સરકાર ચર્ચા માટે તૈયાર છે અને સૂચિબદ્ધ કાયદાઓ પર ચર્ચા થવી જોઈએ. ઘોંઘાટ વધતાં અધ્યક્ષે ગૃહને આવતીકાલ સુધી સ્થગિત કરી દીધું. દરમિયાન રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાંસદ જેપી નડ્ડાએ કહ્યું કે સરકાર ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા તૈયાર છે.

(બાઇટ : JP--NADDA-SINDOOR-CHARCHA )

. . . . .

# PM MONSOON SESSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું આજથી શરૂ થયેલું સંસદનું ચોમાસુ સત્ર ફળદાયી અને સમૃદ્ધ ચર્ચાઓથી ભરેલું રહેશે, જે દેશના લોકશાહીને મજબૂત બનાવશે. શ્રી મોદી આજે સવારે સત્ર શરૂ થાય તે પહેલાં સંસદની બહાર મીડિયાને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યુ હતું. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન સમગ્ર વિશ્વએ ભારતની લશ્કરી શક્તિની તાકાત જોઈ છે. સેનાની શક્તિને પ્રોત્સાહન મળશે.

(બાઇટ: PM---MADE-IN-INDIA)

. .

# PARLIAMENT - JUSTICE VERMA

સંસદ સભ્યોએ આજે લોકસભા સ્પીકર ઓમ બિરલાને ન્યાયાધીશ યશવંત વર્માને હટાવવા માટેનો પ્રસ્તાવ સુપરત કર્યો. બંધારણના અનુચ્છેદ 124, 217 અને 218 હેઠળ ન્યાયાધીશ વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ પર લોકસભાના કુલ 145 સભ્યોએ હસ્તાક્ષર કર્યા છે.

ભાજપ, કોંગ્રેસ, ટીડીપી, જેડીયુ, જેડી(એસ), જનસેના પાર્ટી, એજીપી, શિવસેના (શિંદે) અને સીપીએમ સહિત વિવિધ પક્ષોના સાંસદોએ આ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે.

. . .

# RS BILL OF LADING

રાજ્યસભામાં આજે જહાજવહન પત્ર ખરડો 2025 પસાર થયો છે. લોકસભાએ આ વર્ષે માર્ચમાં જ આ ખરડો પસાર કર્યો હતો. તેનો ઉદ્દેશ્ય શિપિંગ દસ્તાવેજો માટેના કાયદાકીય માળખામાં સુધારો અને સરળતા લાવવાનો છે. તે ભારતીય બિલ ઓફ લેડિંગ એક્ટ, 1856નું સ્થાન લેશે. જહાજવહન પત્ર એ એક દસ્તાવેજ છે જે વાહક દ્વારા માલસામાન મોકલનારને જારી કરવામાં આવે છે. તેમાં જે માલસામાન લઈ જવામાં આવી રહ્યો છે તેની વિગતો હોય છે, જેમાં પ્રકાર, જથ્થો, સ્થિતિ અને ગંતવ્ય સ્થાનનો સમાવેશ થાય છે.

રાજ્યસભામાં ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે 2013-14 માં દરિયાકાંઠાની શિપિંગ ક્ષમતા ફક્ત 87 મિલિયન મેટ્રિક ટન હતી અને આધુનિકીકરણ પછી, આ ક્ષમતા વધીને 165 મિલિયન મેટ્રિક ટન થઈ ગઈ છે.

. . . . . .

# EPFO HIGHEST ADDITION

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન-EPFO એ આ વર્ષે મે મહિનામાં 20 લાખ 6 હજાર સભ્યોનો સ્પષ્ટ ઉમેરો નોંધાવ્યો છે. એપ્રિલ 2018 માં પેરોલ ડેટા ટ્રેકિંગ શરૂ થયા પછી આ આંકડો સૌથી વધુ નોંધાયેલો ઉમેરો છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે નવા ઉમેરાયેલા સભ્યોમાં 2 લાખ 62 હજાર મહિલાઓ અને 18 થી 25 વર્ષની વય જૂથના 5 લાખ 60 હજાર સભ્યોનો સમાવેશ થાય છે. તે એપ્રિલ 2025 ની સરખામણીમાં ચોખ્ખા પગાર વધારામાં 4.79 ટકાનો વધારો દર્શાવે છે.

આ સિદ્ધિને બિરદાવતા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ સીમાચિહ્નરૂપ પગલું દેશના રોજગાર ક્ષેત્રની વધતી જતી શક્તિનો પુરાવો છે.

.................

# ED-ARREST

પ્રવર્તન નિદેશાલય-ED એ નાણાકીય ઉચાપત નિવારણ અધિનિયમ -PMLA હેઠળ 1100 કરોડ રૂપિયાના બિલ્ડર-ખરીદદાર સાથે છેતરપિંડી મામલે રામપ્રસ્થ ગ્રુપના બે પ્રમોટરની ધરપકડ કરી છે. ED એ જણાવ્યું હતું કે તેણે આ પ્રમોટરોના દિલ્હી અને ગુરુગ્રામમાં 3 સ્થળોએ રહેણાંક અને વ્યવસાયિક પરિસરમાં દરોડા પાડ્યા. રામપ્રસ્થ પ્રમોટર્સ એન્ડ ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડે વિવિધ પ્રોજેક્ટ્સ માટે બે હજારથી વધુ ઘર ખરીદદારો પાસેથી આશરે 1100 કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતા. હજુ વધુ તપાસ ચાલુ છે.

. . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------

# KOCHI-MUMBAI-FLIGHT

મુંબઈ હવાઈમથક પર આજે ભારે વરસાદ વચ્ચે કોચી-મુંબઈ એર ઈન્ડિયાની ફ્લાઈટ લેન્ડિંગ સમયે રન-વે પરથી નીચે ઉતરી ગઈ. મુંબઈ હવાઈમથક પર એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 2744 A320 (VT-TYA) લેન્ડ થઈ અને રનવે પરથી નીચે ઉતરી ગઈ હતી. ફ્લાઈટ કેરળના કોચીથી મુંબઈ આવી રહી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર લેન્ડિંગ દરમિયાન ત્રણ ટાયર ફાટ્યા હતા અને વિમાનના એન્જિનને નુકસાન થયું હોવાની શક્યતા છે. તેમ છતાં, વિમાન, ટર્મિનલ ગેટ પર સુરક્ષિત રીતે ટેક્સી કરવામાં સફળ રહ્યું, જ્યાં બધા મુસાફરો અને ચાલક દળ કોઈ પણ ઘટના વિના ઉતરી ગયા. એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને ઘટનાની પુષ્ટિ કરી.

. . . .

# EVE. BANGLADESH-AIRCRAFT CRASH

બાંગ્લાદેશમાં, બાંગ્લાદેશ વાયુસેનાનું તાલીમ વિમાન માઇલસ્ટોન કોલેજ કેમ્પસમાં દુર્ઘટનાગ્રસ્ત થતાં વિમાનના પાઇલટ સહિત 19 લોકોના મોત થયા અને 100 લોકો ઇજાગ્રસ્ત થયા છે. સ્થાનિક મીડિયાએ નેશનલ બર્ન ઇન્સ્ટિટ્યૂટના અધિકારી પ્રોફેસર મોહમ્મદ સૈદુર રહેમાનને ટાંકીને આ અહેવાલ આપ્યો છે.

ઢાકામાં અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે બાંગ્લાદેશ વાયુસેનાનું F7 વિમાન બપોરે એક વાગ્યે ને 30 મિનિટે કોલેજની એક ઇમારત સાથે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. બાંગ્લાદેશ સેના અને ફાયર સર્વિસે બચાવ કામગીરી શરૂ કરી છે.

આ ઘટના બાદ બાંગ્લાદેશ સરકારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિમાન દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ સંદેશમાં, શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી.

. . . . .

# HPCL FACT CHECK

સરકારે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) દ્વારા LPG એજન્સી ડીલરશીપ અને ડિસ્ટ્રિબ્યુટરશીપ પૂરી પાડવાનો દાવો કરતા મંજૂરી પત્રના દાવાઓને ખોટા ઠેરવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક યુનિટે માહિતી આપી હતી કે, મંજૂરી પત્ર નકલી છે અને સંબંધિત હિતધારકોને અધિકૃત માહિતી માટે LPG વિતરક પસંદગીની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવાની સલાહ આપી હતી.

. . . . . .

# KERALA-FORMER CM PASSED AWAY

કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને સીપીએમના દિગ્ગજ નેતા વીએસ અચ્યુતાનંદનનું આજે તિરુવનંતપુરમમાં લાંબી બીમારી બાદ અવસાન થયું. તેઓ ૧૦૧ વર્ષના હતા. છેલ્લા બે અઠવાડિયાથી તિરુવનંતપુરમની એક ખાનગી હોસ્પિટલમાં તેઓ સારવાર લઈ રહ્યા હતા.

વંચિત વર્ગોના અધિકારો માટે આજીવન લડવૈયા એવા અચ્યુતાનંદન ૨૦૧૯માં સ્ટ્રોક આવ્યા બાદ જાહેર જીવનથી દૂર થઈ ગયા હતા.. ૨૦૦૬માં, તેમણે સીપીએમના નેતૃત્વ હેઠળના ડાબેરી લોકશાહી મોરચાને વિજય અપાવ્યો અને ૨૦૧૧ સુધી કેરળના મુખ્યમંત્રી તરીકે સેવા આપી.

. . . .

# SQUASH CHAMPIONSHIPS

સ્ક્વોશમાં, ભારતના અનાહત સિંહ, આરાધ્યા પોરવાલ, અનિકા દુબે, નવ્યા સુંદરરાજન અને રુદ્ર સિંહે આજે કૈરોમાં વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સના રાઉન્ડ ઓફ 64માં પ્રવેશ કર્યો છે. જોકે, ઉન્નતિ ત્રિપાઠી પોતાનો પહેલો રાઉન્ડ હારી ગઈ. આજથી કૈરોમાં શરૂ થયેલી વર્લ્ડ જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં શનિવાર સુધી છ દિવસ ચાલનારી આ ચેમ્પિયનશિપમાં વિશ્વની ટોચની અંડર-19 ખેલાડીઓમાંથી 234 ખેલાડીઓ ભાગ લેશે.

. . . . . . . . .